મોડાસાના માથાસુલીયા ગામે ભમરાનો આતંક : ડંખથી મહિલાની હાલત ગંભીર

મોડાસા, તા. ૨૮

મોડાસાના માથાસુલીયા ગામે ત્રણ મહિલાઓ નજીકમાં રહેલા ખેતરમાં બકરાઓ લઈ પાલો ચરાવવા જતા ખેતરમાં ઝાડ-ઝાંખરામાં પર ભમરાઓના ખોયા હોવાથી અગમ્ય કારણોસર ભમરાઓ ખોયામાંથી ઝુંડના ઝુંડ પાલો ચરાવતી મહિલાઓ અને બકરાઓ પર ત્રાટકી ડંખ મારતા મહિલાઓ અને બકરા ભમરાઓના આતંકથી બચવા ભારે નાસભાગ કરી મૂકી હતી. ત્રણ મહિલાઓને ભમરાઓના ઝેરી ડંખની અસર થતા તાત્કાલિક સારવાર અર્થે મોડાસા ખાનગી હોસ્પિટલ ખસેડાતા ૧ મહિલાની હાલત ગંભીર બનતા પરિવારજનોમાં ભારે ચિંતા પ્રસરી હતી. જયારે ૧૫ થી વધુ બકરાઓને પણ ઝેરી ડંખની

અસર થતા ૩ બકારાના મોત નિપજતા શ્રમજીવી પરિવારો પર આભ તૂટી પડ્યું હતું.

મોડાસાના માથાસુલીયા ગામે ચારો ચરાવવા બકરા લઈ ખેતરમાં જતા અચાનક ભમરાઓનું ઝુંડ ચો તરફથી મહિલાઓ અને બકરાઓ પર ત્રાટકતા મહિલાઓ અને બકરાને ઝેરી ડંખ મારતા ઘર તરફ ડોટ મુકતા શ્રમજીવી પરિવારો પણ અચંબિત બન્યા હતા. મહિલાઓએ આપવીતી જણાવતા અને શરીરે ઝેરની અસર દેખાતા શ્રમજીવી પરિવારોમાં ચિંતિત બની સારવાર અર્થે દવાખાને ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. ભમરાના ડંખથી ત્રણ બકારાઓના મોત નિપજતા અને ૧૫ બકરાને ઝેરી અસર થતા શ્રમજીવી પરિવારોમાં ભારે શોકાગ્નિ છવાઈ હતી.

ઉનાવા ગામે પોલીસ તંત્રની નિષ્ક્રિયતાને પગલે વધતી અસામાજિક પ્રવૃત્તિ

ઊંઝા નજીકના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા (મીરાંદાતાર) ગામે પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે સમાજ વિરોધી પ્રવૃત્તિઓને નેસ્ત નાબુદ કરવામાં તંત્ર નિષ્ફળ નિવડતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે.

અંદાજે ૨૦ હજારની વસતિ ધરાવતા યાત્રાસ્થળ ઉનાવા-મીરાંદાતાર ગામે છેલ્લા ત્રણેક વર્ષથી પોલીસ સ્ટેશન કાર્યરત થયેલ છે. પરંતુ કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ પ્રજાના જાનમાલના રક્ષણ માટે જે કાયદાકીય પગલાં લેવાવા જોઈએ તે લેવાતા નથી. પરિણામે યાત્રાસ્થળમાં દારૂ, જુગાર, કેફી પદાર્થોનું વેચાણ જેવી અસામાજીક પ્રવૃત્તિઓ ધમધોકાર રીતે ચાલી રહ્યાનો લોકપોકાર ઉઠ્યો છે. પોલીસતંત્ર દ્વારા અવારનવાર દરોડા પાડવામાં આવે છે પરંતુ સમાજ વિરોધી બદીઓ બંધ થાય તે દિશામાં કોઈ જ અસરકારક પગલાં ભરાતા નથી. આ વિસ્તારમાં મિલકત વિરૂદ્ધના જે ગુનાઓ નોંધાયા છે તે પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ આજદિન સુધી વણઉકેલાયેલા રહ્યા છે. ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં અત્રે દેશી દારૂ ગાળવાની, વેચવાની અને પીવાની પ્રવૃત્તિ બેરોકટોક ચાલી રહી હોવાનું કહેવાય છે. વધુમાં બહારથી પરપાંતની બનાવટના દારૂની આયાત અને વેચાણની પ્રવૃત્તિ પણ ચાલતી હોવાનું ચર્ચાય છે. આ બદી ચાલવા પાછળ કથિત ભ્રષ્ટ અધિકારીઓ, કર્મચારીઓ જવાબદાર હોવાનું ચર્ચાય છે.

મોડાસાના હજીરા વિસ્તારમાં દુકાનના તાળા તોડી

૧.૮૮ લાખના ૨૦ ટ્રક ટાયરની લૂંટ ચલાવી તસ્કરો ફરાર

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં ચોર લૂંટારુ ગેંગ સક્રિય થતા પ્રજાજનો ફફડી ઉઠ્યા છે. મોડાસાના ગણેશપુર (હજીરા) વિસ્તારમાં આવેલી ઓટો મોબાઈલ્સની દુકાનમાં તસ્કરો ત્રાટકી દુકાનમાં રહેલા રૂ.૧૮૮૦૦૦ના ૨૦ ટ્રક ટાયર લૂંટી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી ચોરીની ઘટનાની જાણ મોડાસા ટાઉન પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા શહેર ટ્રક-ટ્રાન્સપોર્ટના ધંધા સાથે મોટા પ્રમાણમાં સંકળાયેલું હોવાથી હજારોની સંખ્યામાં ટ્રક ધરાવે છે. મોડાસા શહેરના ગણેશપુર (હજીરા) વિસ્તારમાં ટ્રક રીપેરીંગ સાથે સંકળાયેલી અનેક દુકાનો આવેલી છે. ગણેશપુર (હજીરા) વિસ્તારમાં ટ્રક ટાયરની મુસાફિર ઓટોમોબાઈલ્સની દુકાન ધરાવતા મો. હનીફ જીવાભાઈ મોડાસીયાની દુકાનમાં મંગળવારે રાત્રીના સુમારે ચોર-લૂંટારુ ગેંગે ત્રાટકી દુકાનનું શટર અને લોક તોડી દુકાનમાં રહેલા અપોલો કંપનીના ટ્રક ટાયર નંગ-૬ અને એમ.આર.એફ કંપનીના ટ્રક ટાયર નંગ-૧૪ મળી કુલ ટ્રક ટાયર નંગ-૨૦ કીં. રૂ. ૧૮૮૦૦૦ની લૂંટ ચલાવી ફરાર થઈ જતા ચકચાર મચી હતી. લૂંટની ઘટનાની જાણ મોડાસા ટાઉન પોલીસને કરાતા ઘટનાસ્થળે ધસી આવી તપાસ હાથ ધરી હતી.

મોડાસા ટાઉન પોલીસે મો.હનીફ જીવાભાઈ મોડાસિયાની ફરિયાદના આધારે અજાણ્યા ચોર ઈસમો સામે લૂંટની ફરિયાદ નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

તસવીર : મેહુલ જોષી

મિસિસ યુનિવર્સ-૨૦૧૭ નીપા સીંગ આકરૂન્દ પ્રાથમિક શાળાની મુલાકાત સાથે મહેમાન બની

૨૦૧૭ની સાલમાં જૈમીકા ખાતે યુનેસ્કો તરફથી યોજાયેલી મિસિસ યુનિવર્સ સ્પર્ધામાં વિજેતા બનેલ મિસિસ યુનિવર્સ શ્રીમતી નિપાસીંગ શુક્રવારે અરવલ્લી

જીલ્લાના ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામની પ્રાથમિક શાળાની મુલાકાતે પહોંચતા શિક્ષકો સહીત બાળકો અને ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહી આવકાર્યા હતા. પ્રાથમિક શાળાના બાળકો સાથે વાર્તાલાપ કર્યો હતો. મિસિસ યુનિવર્સ કોઈ સરકારી પ્રાથમિક શાળાને સંબોધવાના હોય તેવો ગુજરાતનો પ્રથમ અવસર બનતા શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ અને બાળકો ગદગદિત બન્યા હતા.

અરવલ્લીના ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામે મિસિસ યુનિવર્સ નિપાસિંઘ ઉપસ્થિત રહી શાળાના વિદ્યાર્થીઓને સફળતાનો મંત્ર આપ્યો હતો. આજે આકરૂન્દ પ્રા. શાળાના વિદ્યાર્થીઓ સાથે મિસિસ યુનિવર્સ નિપસિંઘે વાર્તાલાપ કર્યો હતો અને નિષ્ફળતા મળે ત્યાથી જ સફળતાના દ્વાર ખૂલે છે તેમ જણાવી વિદ્યાર્થીઓને સફળતાનો મંત્ર આપ્યો હતો. આ પ્રસંગે પોતાના માદરે વતન અને પોતે જે પ્રા શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા.

મોડાસા શોપમાંથી પોણા લાખના મુદ્દામાલની લૂંટ : ચોરી સીસીટીવી કેમેરામાં કેદ

મોડાસા, તા. ૨૮

મોડાસા શહેરમાં ચોર, લૂંટારુઓ ટાઉન પોલીસતંત્રને હંફાવી રહ્યા છે. મોડાસા ચાર રસ્તા પોલીસ ચોકીથી ૧૦૦ મીટર પાછળ અને મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન નજીક મુખ્યબજારમાં આવેલી સિદ્ધિ વિનાયક મોબાઈલ શોપમાં બાકોરું પાડી સીસીટીવી કેમેરાની એલ.ઈ.ડી તોડી નાખી દુકાનમાં રાખેલા ૮૦ હજારના મોબાઈલ, એસેસરીઝ, મોબાઈલ રીપેરીંગ સહિતના મુદ્દામાલની લૂંટ ચલાવી ફરાર થઈ જતા દુકાનમાં રહેલા સીસીટીવી કેમેરામાં સમગ્ર ઘટના કેદ થતા દુકાન માલિકે સીસીટીવી કેમેરા ફૂટેજ સાથે પોલીસ ફરિયાદ નોંધાવવા તજવીજ હાથ ધરી હતી.

મોડાસા શહેરમાં ગાત્રો થીજાવતી ઠંડીમાં જીલ્લા પોલીસતંત્ર પણ ઠંડીમાં ઠુઠવાઈ ગયું હોય તેમ તસ્કરો ઉપરાછાપરી લૂંટની ઘટનાને અંજામ આપતા નગરજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. મોડાસાના ગણેશપુર (હજીરા) વિસ્તારમાં ૧.૮૮ લાખની લૂંટની ઘટનાના ૪૮ કલાકમાં પોલીસચોકીની નજીક સિદ્ધિ

વિનાયક મોબાઈલ શોપમાં ગુરુવારે રાત્રીના સુમારે તસ્કરો ત્રાટકી ૮૦ હાજરથી વધુના મોબાઈલ સહીત અન્યમુદ્દામાલની લૂંટ ચલાવી દુકાનમાં રહેલી એલઈડી ટીવી તોડી ફરાર થઈ જતા દુકાન મલિક બબલુ ભાઈએ દુકાનમાં રહેલા સીસીટીવી કેમેરાના ડીવીઆરમાંથી ફૂટેજ મેળવી મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા તજવીજ હાથ ધરી હતી.

મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન અને ચાર રસ્તા ચોકીની વચ્ચે મુખ્ય બજારમાં આવેલી મોબાઈલ દુકાનમાંથી લૂંટ ચલાવતા દુકાનદારો સહીત નગરજનો ફફડી ઉઠ્યા છે. પોલીસતંત્રની કામગીરી સામે પણ આંગળી ચીંધી રહ્યા છે.

ટીવીની ચેનલોના ભાવમાં આજથી ધરખમ વધારો

બંને જિલ્લાના ૨૮૦ કેબલ ઓપરેટરોના ધંધા બંધ થઈ જશે : ટીવી જોવાના શોખીનો માટે મોકાણના સમાચાર

૨૧મી સદીમાં ટીવી માધ્યમે લોકોમાં ક્રાંતિ લાવવા માટે મહત્વનો ભાગ ભજવ્યો હોવા છતાં ભારત સરકારની ટ્રાય ઓથોરીટી દ્વારા ટીવી પર બતાવવામાં આવતી તમામ ચેનલોના ભાવમાં તોતિંગ વધારો કરવાની કરેલી જાહેરાતને લીધે શનિવારે રાત્રે ૧૨ વાગ્યા પછી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના લાખો ટીવી ધારકો તેમનુ ટીવી ઓન કરશે તો પણ કોઈપણ ચેનલ જોવા મળશે નહી જેથી બંને જિલ્લાના મળી અંદાજે ૨૮૦ કેબલ ઓપરેટરોએ નારાજ થઈને શુક્રવારે ટીવીની ચેનલોમાં કરેલો ભાવવધારો પરત ખેંચવા માટે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

આ અંગે હિંમતનગર સ્થિત કેબલ ઓપરેટર હરેશભાઈ પટેલના જણાવાયા મુજબ કેન્દ્ર સરકારની ટ્રાય ઓથોરીટી દ્વારા કેબલ ઓપરેટરોના માધ્યમથી ટીવી ધારકો જે ચેનલોનું ભાડુ અત્યાર સુધી અંદાજે રૂ.૨૫૦ ચુકવતા હતા તે આગામી તા. ૩૧-૧૨-૨૦૧૮થી આ ભાડામાં તોતિંગ વધારો ઝિંકાશે જેને લીધે ટીવી ધારકને વધુ ચેનલો જોવી હશે તો રૂ. ૯૦૦ દર મહીને ચુકવવા પડશે.

દરમ્યાન ટાઈના નિયમ મુજબ કેટલીક ચેનલો અત્યાર સુધી કેબલ ઓપરેટર દ્વારા વિના મુલ્યે બતાવવામાં આવતી હતી. તેમાં પણ ફેરફાર કરીને ટાય દ્વારા ટીવી ધારકો પાસેથી રૂ. ૪૫૦ વસુલ કરવાનો નિર્ણય કરાયો છે. જેના લીધે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના લાખો ટીવી ધારકોને ઈચ્છા હશે તો પણ તેઓ ટીવી પર આવતી ચેનલો જોઈ શકશે નહી.

થોડા સમય અગાઉ સરકારના સેટઅપ બોક્સના વિના ટીવી ચાલશે નહી તેવા ફતવાને કારણે બંને જિલ્લાના લાખો ટીવી ધારકોએ પરાણે કેબલ ઓપરેટરો પાસેથી રૂ. ૨૫૦થી વધુ આપીને આ સેટઅપ બોક્સ ખરીદ્યા હતા. હવે જયારે ટીવીની ચેનલોના ભાવમાં કરાયેલા ધરખમ વધારાને કારણે ટીવી જોનાર શોખીનો માટે ટાયનો નવો નિર્ણય અને તે ભાવવધારો માંકાણના સમાચાર તરીકે ગણાશે.

આજે હિંમતનગરમાં આનંદનો ગરબો યોજાશે

હિંમતનગરના પંચદેવ મંદિર ચોક ખાતે શનિવારે મા બહુચરના આનંદના ગરબાનું આયોજન કરાયું છે. જેમાં અમદાવાદના જનકભાઈ રાવલ અને કલ્પેશભાઈ ભટ્ટ ઉપસ્થિત રહીને ગરબાની રમઝટમાં પ્રાણ પુરશે એમ એક યાદીમાં મા બહુચરના ઉપાસક રાહુલભાઈ ભટ્ટે જણાવ્યુ છે.

સાબરકાંઠામાં વર્ષ ૨૦૧૯થી એપીએલ કાર્ડ ધારકોને કેરોસીન નહી મળે

શહેરી વિસ્તારોમાં ગત નવેમ્બરથી કેરોસીનનું વિતરણ બંધ કરી દેવાયું

હિંમતનગર, તા. ૨૮

પર્યાવરણની જાળવણી માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ચિંતીત છે ત્યારે ખાસ કરીને ગૃહીણીઓને ધુમાડામાંથી મુક્તિ મળે તે માટે સરકારે ગરીબ અને મધ્યમ પરીવારોને ઓછા ભાવે ગેસ જોડાણ અપાઈ રહ્યા છે. ત્યારે તેમને મળતુ કેરોસીન બંધ કરવાનું સરકાર વિચારીને અમલીકરણ કરી રહી છે ત્યારે વર્ષ ૨૦૧૯થી સાબરકાંઠા જિલ્લાના અંદાજે ૫૯૩૫૮ એપીએલ કાર્ડ ધારકોને વ્યાજબી ભાવની દુકાનેથી દર મહીને મળતુ કેરોસીન બંધ થઈ જશે જોકે બીપીએલ અને અંત્યોદયના કાર્ડ ધારકોને માટે કેરોસીનમાં કોઈ કાપ મુકાયો નથી.

આ અંગે સાબરકાંઠા જિલ્લા પુરવઠા અધિકારી વાય.એસ. ચૌધરીના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં બીપીએલ, એપીએલ અને અંત્યોદય મળી ૧,૯૨,૧૩૭ કાર્ડધારકો સરકારી ચોપડે નોંધાયેલા છે. તે પૈકી એપીએલ કાર્ડ ધરાવતા જિલ્લાના અંદાજે ૫૯,૩૫૪ છે. જયારે જિલ્લામાં સૌથી વધુ ૧૭૮૫૮ બીપીએલ કાર્ડધારકો છે. જયારે જિલ્લામાં ૨૪,૯૨૫ પરીવારો અંત્યોદય કાર્ડ ધરાવે છે.

સૌથી અગત્યની વાત એ છે કે સરકારી યોજનાઓનો વધુ લાભ બીપીએલ અને અંત્યોદય કાર્ડધારકોને મળે છે. જયારે એપીએલ કાર્ડધારકોને ઓછો લાભ મળે છે. દરમ્યાન સરકારે ગેસ સિલેન્ડર અને પાઈપલાઈનથી પીએનજી ગેસ આપવાનું શરૂ કર્યુંછે ત્યારે હવે તો ગામડાઓમાં પણ ગેસ સિલેન્ડરની માથાકુટ બંધ થઈ ગઈ છે. દરમ્યાન સરકારે એપીએલ કાર્ડધારકોને દર મહીને મળતુ ચાર લીટર કેરોસીન આગામી તા. ૧-૧-૨૦૧૯ થઈ બંધ કરવાનો નિર્ણય કર્યો છે. જે અંગે ગ્રામ્ય વિસ્તારની પ્રજાને ખબર પડતા તેમને કેરોસીન સિવાયના અન્ય વિકલ્પની વિચારણા શરૂ કરી દીધી છે. જોકે સરકારે તમામ કાર્ડધારકોને દર મહીને મળતુ અનાજ ચાલુ રાખ્યુ છે.

ખેડૂતોને રાહત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખાતામાં જમા કરવામાં આવનાર છે. સુત્રોના કહેવા મુજબ આ પ્રકારની સ્કીમમાં આશરે ૧.૩ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થનાર છે. આ ખર્ચને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો સાથે મળીને ઉપાડી શકે છે. આ મંત્રણામાં સામેલ રહેલા કેટલાક લોકો માની રહ્યા છે કે ૭૦-૩૦ના રેશિયો પર વાતચીત ચાલી રહી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા ખર્ચને વહેચી લેવામાં આવનાર છે. એક અધિકારીએ કહ્યુ છે કે આ એક રાજકીય નિર્ણય છે. તેમના કહેવા મુજબ તેના ખર્ચ અને નિર્ધારિત સમયની અંદર આને લાગુ કરવાની બાબત પણ ખુબ પડકારરૂપ હોઈ શકે છે. જો કે કેટલાક રાજ્યોમાં ભાજપની સરકાર હોવાના કારણે મોટી સરકારને રાહત મળી શકે છે. આ મોરચા પર કોંગ્રેસ સરકારનુ પણ સમર્થન મળશે. કારણ કે આ સ્કીમ ખેડુતોની સમસ્યાને દુર કરવાના હેતુથી લાવવામાં આવી રહી છે. હજુ સુધી આ મામલે અંતિમ નિર્ણય લેવાની પ્રક્રિયા ચાલી રહી છે. સરકાર બીજા વિકલ્પ પર પણ વિચારણા કરી રહી છે. જેમાંથી એક નીતિ આયોગ તરફથી આવેલા સુચનનો પણ સમાવેશ થાય છે. આ મિડિયમ ટર્મ સ્ટ્રેટજી મુજબ જો કિંમતો એમએસપીથી નીચે પહોંચે છે તો ખેડુતોને સબસિડી આપી શકાય છે. નીતિ આયોગના આ પ્રસ્તાવ મુજબ દરેક ખેડુતને પોતાની નજીકની એપીએમસી મંડીમાં સિચાઈ અને પાકની નોંધણી કરાવી દેવી પડશે. જો પાકના બજાર ભાવ નીચે પહોંચે છે તો ખેડુત એમએસપી અને બજાર ભાવની વચ્ચેના અંતરના મહત્તમ ૧૦ટકા સુધી ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરની મદદથી આધાર લિન્ક બેંક ખાતામાં જમા મેળવી શકે છે. હિન્દી પટ્ટાના ત્રણ રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તિસગઢમાં કોંગ્રેસની સામે હાલમાં હાર ખાધા બાદ મોદી સરકાર હવે ખેડુતોની નારાજગી સાથે આગળ વધવા માટે તૈયાર નથી.

નવા સાઈન બોર્ડ્સ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મંદિર, ગ-૪ સહીત ૧૫ સ્થળોએ નવા સાઈન બોર્ડસ લગાવામાં આવી રહ્યા છે. વધુમાં આ સાઈન બાર્ડસમાં જગ્યાનુ નામ દર્શાવતા તેમજ સર્કલ અને રસ્તાઓના નામોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અગાઉ નગરના માર્ગોના નવા નામાભિધાન અને સર્કલોને પણ નવા નામ અપાયા બાદ તે મુજબ બોર્ડસ લગાવાયા છે. પરંતુ હજુ પણ કેટલાક ઠેકાણે સાઈન બોર્ડસનો અભાવ હોવાનુ ધ્યાને આવતા બહારથી આવતા મુલાકાતીઓ ઘણીવાર રાહ ભટકતા હોવાનુ પણ ધ્યાને આવે છે. જેથી નગરના આ બોર્ડસ પર બારખડીના અક્ષર મુજબ સર્કલોના નામ પણ દર્શાવામાં આવશે. જેથી મુળભુત રીતે રસ્તા અને સર્કલોની ઓળખ પણ સાથે દર્શાવાતા અજાણ્યા નાગરિકોને નામ સરનામે પહોંચવાનુ સરળ બની રહે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૦ લાખનો ખર્ચ થશે.

બાળ દર્દી મળ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે પાંડુરોગથી પિડાતા બાળકો ૬૧૮, કૃમિની બિમારીથી પિડાતા ૨૮૫ બાળકો, દાંતની બિમારી ધરાવતા ૧૫૫, આંખની તકલીફ ધરાવતા ૮૦ બાળકો, નાક-કાન-ગળાની તકલીફ ધરાવતા ૯૨ બાળકો, પેટની તકલીફ ધરાવતા ૪૯ અને ચામડીની બિમારી ધરાવતા ૯૨ બાળકો તેમજ શ્વસનતંત્રની નાની બિમારી ધરાવતા ૫૨ બાળકો મળી આવેલ છે. જિલ્લામાં આ ચકાસણી કાર્યક્રમ માટે ૬૨ જેટલી ટીમો હાલ કાર્યરત છે. આ કામગીરી નિયત સમય-મર્યાદામાં પૂર્ણ થાય તે માટે દર સપ્તાહે ખાસ સમીક્ષા અધિકારી કક્ષાએ થતી હોય છે. જિલ્લામાં આ વખતે હૃદય, કિડની અને કેન્સરની બિમારી ધરાવતા બાળકોની સંખ્યામાં ઘટાડો થયો છે જે એક સારી નિશાની હોવાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે.

બિમારી ધરાવતા સંદર્ભ સેવાપાત્ર જે ૭૨ બાળકોને સારવાર આપવામાં આવી છે તેમાં બાળરોગ નિણાત દ્વારા ૩૧, દાંતરોગના ૧૪, ચામડીના રોગ માટે ૭ બાળકોને તેમજ કાન-નાક-ગળા માટે ૧૩ બાળકોને નિષ્ણાતોએ ચકાસી અને સારવાર પણ આરંભી દીધી છે.

રાષ્ટ્રપતિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી હતી. આજે પણ રાજ્યના દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રી વિજય રૂપાણીના કુશળ નેતૃત્વ હેઠળ ગુજરાતનું પ્રવાસન દિન-પ્રતિદિન નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે.અત્રે એ ઉલ્લેખનીય છે કે,કચ્છના રણમાં ધોરડો ગામમાં દર વર્ષે રણ-ઉત્સવ યોજાય છે. જ્યાં સફેદરણની નજીક પ્રવાસીઓને રહેવા માટે સુંદર તંબુઓનું શહેર - ટેન્ટ સીટી ઊભી કરવામાં આવે છે. તે ખરેખર સસ્ટેનેબલ ટુરિઝમનું એક ઉત્તમ ઉદાહરણ છે.કચ્છ રણોત્સવ એ પ્રાકૃતિક અને માનવસર્જિત પ્રવાસન સ્થળ બંનેનો સમન્વય છે. વર્ષ ૨૦૧૭-૧૮ માં રાજ્યમાં આવનારા પ્રવાસીઓની સંખ્યા ૫ કરોડને વટાવી ચુકી છે.

ડ્રીમ પ્રોજેક્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્યો છે. એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતં કે, ભારતીય અંતરિક અનસંધાન કાર્યક્રમમાં છેલ્લા કેટલાક વર્ષ દરમિયાન અભૂતપૂર્વ સફળતા અને વાણિજ્ય મિશનોના કારણે વધારો થયો છે. અત્રે નોંધનીય છે કે, છેલ્લા થોડાક દિવસ પહેલા જ ઈસરોએ ક્રૂ એસ્કેપ મોડ્યુલ એટલે કે કેપ્સુલનું સફળતાપૂર્વક પરિક્ષણ કર્યું હતું જેને અંતરિક્ષ યાત્રી ફરીથી પોતાની સાથે જઈ શકશે. હકીકતમાં અંતરિક્ષ યાત્રી દુર્ઘટનાની સ્થિતિમાં કેપ્સુલમાં મુસાફરી કરીને પૃથ્વીની પરિભ્રમણ કક્ષામાં સુરક્ષિતરીતે પરત ફરી શકે છે. ઈસરોએ આ મોડ્યુલ પોતાના વિકાસ ઉપર તૈયાર કર્યું છે. થોડાક દિવસ પહેલા જ એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, ગગનયાનના યાત્રીઓની પસંદગી માટે ઈસરોએ શરૂઆત કરી દીધી છે. આના માટે ઈસરોએ લોકોના મેડિકલ ચેકઅપની સાથે સાથે તેમની સાથે કેટલાક માઈક્રો બાયોલોજિકલ પ્રયોગ થઈ રહ્યા છે. અંતરિક્ષમાં જતા પહેલા દરેક વ્યક્તિના અનેક તબક્કામાં ટેસ્ટ કરવામાં આવે છે. ગગનયાન પ્રોજેક્ટ માટે પસંદ પામેલા વ્યક્તિની ઓછામાં ઓછા ૧૦ વખત ટેસ્ટ થશે. અધિકારીઓના કહેવા મુજબ ૧૦ પરિબળો નક્કી કરવામાં આવ્યા છે પરંતુ જો જરૂર પડશે તો વધારે ટેસ્ટ કરવામાં આશે.

મહેતલ લંબાવાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દરેક ચેનલ માટે એમઆરપી લખેલા હશે. ડિસ્ટ્રીબ્યુટર બ્રોડકાસ્ટર તરફથી નક્કી કરવામાં આવેલી કિંમત કરતા વધારે કિંમત લઈ શકશે નહીં. નેટવર્ક કેપેસિટીથીના રુટમાં ગ્રાહકોને દર મહિને ૧૦૦ ચેનલ માટે મહત્તમ ૧૩૦ રૂપિયા ચુકવવાના રહેશે. જો તમે ૧૦૦થી વધારે ચેનલ નિહાળી રહ્યા છો તો આગામી ૨૫ ચેનલો માટે ૨૦ રૂપિયા વધારે આપવાના રહેશે. આ ઉપરાંત જે ૧૩ ચેનલની પસંદગી કરાશે તેના માટે અલગ કિંમતો જોડવામાં આવશે.

ધાનેરા નગરપાલિકા

સ્વચ્છ ભારત મિશન

જાહેર નોટીસ

ધાનેરા નગરપાલિકા આથી સંબંધકર્તા સર્વેને આ નોટીસથી જણાવે છે કે ભારત સરકારના પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ - ૨૦૧૬ અન્વયે ૫૦ માઈક્રોનથી ઓછી પાતળી થેલી (કેરબેગ, કમ્પોસ્ટેબલ પ્લાસ્ટીક સિવાય) ઉત્પાદન, સંગ્રહ, વાપરવા તથા વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં નાગરિકો દ્વારા પાતળી થેલીનો ઉપયોગ કરી જાહેર સ્થળો, રસ્તા, બગીચા, ખુલ્લા, રમત-ગમતના મેદાનમાં જ્યાં - જ્યાંફેંકી દેવામાં આવે છે. જેને કારણે જાહેર આરોગ્યને તથા પર્યાવરણને નુકસાન થાય છે તેમજ આવી થેલીઓ ગાય તથા પશુઓ તે થેલીમાં રહેલ એંઠવાડ થેલી સહિત ખાવાને કારણે મૃત્યુ પામે છે. આથી પ્લાસ્ટીક થેલીઓનો ઉપયોગ જાહેર આરોગ્યને નુકસાનકર્તા તથા ઉપદ્રવકારક છે. જેથી ધાનેરા શહેરની હદમાં ૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈની પ્લાસ્ટિક થેલીનું ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ કરવાનો પ્રતિબંધ ફરમાવે છે. આ પ્રતિબંધ આ નોટિસ પ્રસિદ્ધ થયેથી અમલી બનશે. જેમાં કસુર થયે જરૂરી જણાયે સી.આર.પી.સી. એક્ટની કલમ-૧૩૩ મુજબ કાર્યવાહી કરવાની રહેશે. જેની સર્વે નાગરિકોએ નોંધ લેવી.

ઉપેન્દ્ર પી. ગઢવી	હરજીભાઈ સી. સોલંકી	વસંતીબેન વી. ગલચર	બળવંતજી સી. બારોટ
મુખ્ય અધિકારી	ચેરમેન, સેનિટેશન સમિતિ	ઉપપ્રમુખ	પ્રમુખ
નગરપાલિકા, ધાનેરા	નગરપાલિકા, ધાનેરા	નગરપાલિકા, ધાનેરા	નગરપાલિકા, ધાનેરા

ઉમિયા વિકલાંગ ટ્રસ્ટ

માનવ સ્મૃતિ

મંદબુદ્ધિવાળા અનાથ બાળકોની સંસ્થા

દાનમાં મળેલ રકમ 80 G (5) હેઠળ કરમુક્ત છે.

Bank of Baroda A/c No. 45970100001466

IFSC Code : BARBOSARGAS

ઉમિયા માતાજીની વાડીની બાજુમાં, ભાદોલ ચોકડી, કલોલ-માણસા રોડ, જિ. ગાંધીનગર-૩૮૨૬૪૦

કાર્યરત પ્રવૃત્તિઓ

- મંદબુદ્ધિવાળા બાળકો નિવાસી તાલીમ શાળા
- મંદબુદ્ધિ વિશે પેરેન્ટસ કાઉન્સીલીંગ
- મંદબુદ્ધિ બાળકોનું પુનઃવસન કેન્દ્ર

સંસ્થાના ઉત્કર્ષ માટે નીચેની વિગતે દાનની જરૂર છે.

	વિગત	રકમ
૧	એક દિવસનું દૂધ	રૂા. ૫૦૦/-
૨	એક દિવસનું શાકભાજી	રૂા. ૫૦૦/-
૩	બે સમયનો નાસ્તો	રૂા. ૧૫૦૦/-
૪	બાળકોની દવાઓ	રૂા. ૪,૦૦૦/-
૫	એક સમયનું મિષ્ઠાન ભોજન	રૂા. ૫૦૦૦/-
૬	એક દિવસનું મિષ્ઠાન ભોજન બે ટાઈમનું (નાસ્તા સાથે)	રૂા. ૧૦,૦૦૦/-
૭	કાયમી ભોજન તિથિ	રૂા. ૫૦,૦૦૦/-
૮	બાળકોનો ગણવેશ	રૂા. ૩૦,૦૦૦/-
૯	કરીયાણું (૧ માસનું ચોખા ૧૦૦ કિલો, મગદાળ ૫૦ કિલો, તુવેરદાળ ૫૦ કિલો, કઠોળ ૨૫ કિલો, તેલના ડબ્બા નંગ-૪	રૂા. ૩૦,૦૦૦/-

Public Trust Reg. No. E-4449/Maheshana/Dt.07-11-2007

ભાવેશ પટેલ (મેનેજીંગ ટ્રસ્ટી) ૯૪૨૭૬૦૯૪૧૮, ૯૪૦૯૨ ૯૪૯૧૦,

સંચાલક - સ્મીતાબેન -૯૪૨૯૪૪૧૭૯૭